# 51

**રાજ્યમાં સોશિયલ મીડિયા મોનિટરીંગ સેલ બનાવવા બાબત**

***15/4/2180 શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સોશિયલ મીડિયા મોનિટરીંગ સેલ બનાવવામાં આવેલ છે કે કેમ,<br>(૨) જો ના, તો તેના કારણો શા છે, | (૧) હા, રાજ્યમાં કુલ- ૪૮ શહેર/ રેન્જ/ જીલ્લા/ શાખામાં તા.૩૦/૧૧/ ૨૦૨૩ ની સ્થિતિએ સોશીયલ મીડિયા મોનીટરીંગ સેલ બનાવવામાં આવેલ છે.<br>(૨) વધુમાં, રાજ્યમાં કુલ-૩ શહેર/ રેન્જ/ જીલ્લા/ શાખામાં તા.૩૦/૧૧/૨૦૨૩ ની સ્થિતિએ સોશીયલ મીડિયા મોનીટરીંગ સેલ બનાવવામાં આવેલ નથી. તેના કારણો નીચે મુજબ છે.<br>• અમદાવાદ રૂરલમાં સોશીયલ મીડિયા મોનીટરીંગ સેલ બનાવવાની કાર્યવાહી પ્રગતિ પર છે.<br>• આણંદ જીલ્લામાં સોશીયલ મીયા મોનીટરિંગ સેલ બનાવવાની કાર્યવાહી ચાલુમાં છે અને એક માસમાં પોલીસ ઈન્સ્પેકટર સાયબર પો.સ્ટે. હેઠળ શરૂ થનાર છે તેમજ સુપરવિઝન નાયબ પોલીસ અધિક્ષક મુખ્ય મથક દ્રારા થનાર છે.<br>• કચ્છ-પૂર્વ જીલ્લામાં સોશીયલ મીડીયા મોનીટરીંગની કામગીરી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દ્રારા કરવામાં આવે છે. |
| (૩) જો હા, તો ક્યારે બનાવવામાં આવેલ છે અને તેની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે. | (૩) રાજ્યમાં કુલ- ૪૮ શહેર/ રેન્જ/ જીલ્લા/ શાખામાં સોશીયલ મીડીયા મોનીટરીંગ સેલની જવાબદારી સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવેલ છે. |

------------